નેશનલ એક્શન પ્લાન ફોર વેલફેર ઓફ સિનિયર સિટીઝન્સ યોજનાનો અમલ કરવા બાબત રૂ.૧૦૦.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: વનપ/૧૦/૨૦૧૯/૬૫૩૯૭૦/નબા/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૦૯/૦૭/૨૦૨૦

## વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૧૯/૧૨/૨૦૧૯ના પત્ર ક્રમાંક: સસુખા/નવપ/NAPSRC/નવી બાબત/૨૦૧૯-૨૦/૮૦૨૮

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૦૭/૦૨/૨૦૨૦ના પત્ર ક્રમાંક: સસુખા/નવપ/NAPSRC/નવી બાબત /૨૦૧૯-૨૦/૫૫૫

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૧૫/૦૪/૨૦૨૦ના પત્ર ક્રમાંક: યજન/નવી બાબત-વહી.મંજુરી/૨૦-૨૧/૮૧

## પ્રસ્તાવના:-

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ન્યુ દિલ્હીના તા.૦૯/૧૧/૨૦૧૯ના પત્ર ક:૧૫-૪૦(૧૭)/૨૦૧૯-૨૦-SR.C-I થી નેશનલ એક્શન પ્લાન ફોર વેલફેર ઓફ સિનિયર સિટિઝન યોજના(NAPSRC) (૨૦૧૯-૨૫) ગાઇડલાઇન અને એક્શન પ્લાન મોકલી આપેલ છે. આ બાબતે રાજ્યમાં વૃધ્ધોના કલ્યાણ અને સરકારના જુદા-જુદા વિભાગો/ખાતાઓ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ/ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ કે જે સિનિયર સિટિઝનના ઉત્કર્ષના ક્ષેત્રમાં કાર્યરત હોય તેઓના સહયોગ દ્વારા સદર યોજનાનો રાજ્યમાં અમલ કરવા વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૧૦૦.૦૦/- લાખની જોગવાઇ કરવા નિયામકશ્રી(સ.સુ)એ વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા. ૧૯/૧૨/૨૦૧૯ના પત્રથી નવી બાબત ૨૦૨૦-૨૧ રજુ કરેલ હતી.

સદરહુ નવી બાબત ૨૦૨૦-૨૧ અન્વયે અંદાજપત્રમાં જોગવાઇ થતાં નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) પરના તા.૧૫/૦૪/૨૦૨૦ના પત્રથી નેશનલ એક્શન પ્લાન ફોર વેલફેર ઓફ સિનિયર સિટિઝન્સ યોજનાનો અમલ કરવા બાબત વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કુલ

રૂ.૧૦૦.૦૦/- લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા બાબતની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૩) પરની તા.૧૫/૦૪/૨૦૨૦ની દરખાસ્તના અનુંસધાને વિભાગની બજેટ બુકમાં સદરહુ બાબતે રૂ.૧,૦૦,૦૦,૦૦૦/- ની જોગવાઇ થયેલ છે. સદરહુ થયેલ જોગવાઇને ધ્યાને લઇ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા.૧૯/૧૨/૨૦૧૯ના પત્રથી નેશનલ એક્શન પ્લાન ફોર વેલ્ફેર ઓફ સિનિયર સિટીઝન્સ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કુલ રૂ.૧૦૦.૦૦/- લાખના ખર્ચ કરવાની નીચે જણાવેલ શરતોને અધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

## શરતો:-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ-૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨' 'પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપને પાલન કરવાનું રહેશે.

(૧૦)આ યોજના અન્વયે મંજુર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજુ કરી મંજુરી મેલવી લેવાની રહેશે.

(૧૧)નાણા વિભાગના તા:૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧ થી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે વિભાગે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

માંગણી નં.૯૨

૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ

૦૨-સમાજ કલ્યાણ

૨૦૦-અન્ય ખર્ચ

SSW-૧૧-નેશનલ એક્શન પ્લાન ફોર વેલફેર ઓફ સિનિયર સિટિઝન યોજના (NAPSRC)કેન્દ્ર પુરસ્કૃત યોજના

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૫/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. બી. વણઝારા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસકિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ(મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે મામલતદારશ્રીઓ(મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટનન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ- શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ